# સીમ્સ ન્યૂરોલોજી



CIMS®

CARE INSTITUTE OF MEDICAL SCIENCES

Earning Trust with World-Class Practices

Joint Commission International

NABH

NABL

Certificate No. MC-3049

# સીમ્સ ન્યૂરોલોજી

ન્યૂરોલોજી મેડિકલની ખાસ શાખા છે જે નર્વસ સિસ્ટમ એટલે કે છે તંત્ર/જ્ઞાન તંત્ર સાથે સંકળાયેલી છે જેમાં બ્રેઈન (મગજ), સ્પાઈનલ કોર્ડ (કરોડરજ્જુ), પેરીફેરલ નર્વ (શરીરમાં પથરાયેલ જ્ઞાનતંતુઓ) અને સ્નાયુઓને લગતા રોગોનું નિદાન અને તેમની સારવાર થાય છે.

ન્યૂરોલોજીકલ રોગો વ્યક્તિના જીવનમાં ગમે તે સમયે અને ઉંમરે થઈ શકે છે જેમ કે નાનપણમાં આચકી આવવી થી માંડી ને વૃધ્ધ અવસ્થામાં યાદશક્તિ ખોરવાવી.

સિમ્સ ન્યૂરોલોજી ડિપાર્ટમેન્ટમાં, અમે તમને ઉચ્ચતમ ન્યૂરોલોજીસ્ટ્સ અને સાથે અત્યાધુનિક ક્લિનિકલ ન્યૂરો ફિઝીયોલોજી અને ન્યૂરોરેડિયોલોજી સેવાઓ દ્વારા ઉત્તમ સારવાર અને સંભાળ આપીએ છીએ.

## સીમ્સમાં ન્યૂરોલોજી ને લગતી સેવાઓ :

મોટાભાગ ના ન્યૂરોલોજીના દર્દીઓ ને સારવાર કરવા વૈવિધ્ય સુવિધાઓ દ્વારા વ્યક્તિગત સારવાર અને વિશેષ દેખરેખ ની જરૂર હોય છે.

ન્યૂરોલોજીકલ સંભાળમાં રોગ નું નિદાન, મૂલ્યાંકન, સંચાલન અને સારવારની સાથો સાથ તેને સમયસર અટકાવવું પણ ખૂબ જ અગત્યનું છે.

અમે દરેક ન્યૂરોલોજીકલ રોગોના જોખમી પરિબળોની પરખ અને તેમની પ્રારંભિક અને ઝડપી સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

- માથાને દુખાવો તથા અન્ય દુખાવા ના લક્ષણો (માઈગ્રેન)
- એપીલેપ્સી એટલે કે આચકી (કન્વલઝન/સીઝર)
- સ્ટ્રોક (પેરાલિસિસ)
- સુસ્તી, નબળાઈ (ચક્કર આવવા)
- હલન ચલન સંબંધિત બીમારી જેવી કે, પારકીનસન્સ ડીઝીઝ, એસેન્સિશિયલ ટ્રેમર (શરીરનો કોઈ પણ ભાગ અનિયંત્રિત હળવું) અને ડીસ્ટોનિયા (મગજમાં થી ખોટા સંદેશાઓ મળવાના કારણે સ્નાયુઓ વધુ સક્રિય થઈ જાય છે અને શરીરના હલન ચલન પર નિયંત્રણ ઘટી જાય છે કે નથી રહેતુ)
- ડિમેનશિયા (અલઝાઈમર્સ અને અન્ય રોગ) (વ્યકિતની વિચારવાની અને સમજવાની શક્તિ અત્યંત ઓછી થતી જાય છે)
- મગજમાં ચેપ : મેનિનજાઈટિસ (મગજ કે કરોડરજ્જુની પાતળી પરત માં થતું ઈન્ફેકશન), એનસેફેલાઈટિસ (અચાનક મગજ પર ખૂબ સોજો આવવો)
- સેરેબ્રલ પાલ્સિ અને સ્પાસ્ટીસિટી (જન્મ વખતે કે જીવન ના શરૂઆતના અમુક વારસો માં બાળક ના મગજ પર ઈજા થવી જે કારણસર તેના વિકાસમાં ખોડ)
- મલ્ટિપલ સ્કલેરોસિસ (ઓટોઈમ્યુન રોગ જેમાં વ્યકિતનું રોગપ્રતિકારક તંત્ર પોતે જ મગજ અને કરોડરજ્જુના ચેતા કોષો ના રક્ષણાત્મક આવરણ ને નુકશાન પહોચાડે છે.)
- સ્પાઈન ના રોગ જેમ કે પીઠનો દુખાવો, સ્લીપ ડિસ્ક (કમરના ભાગમાં

કરોડરજ્જુ ની ગાદી પોતાની જગ્યાએ બહાર ધસી આવવી), રેડિક્યુલોપથી (કરોડ રજ્જુની એક અથવા વધારે જ્ઞાનતંતુઓને ઈજા થવી જેના કારણે તેઓ બરાબર કામ નથી કરી શકતા), સ્પોંડાઈલોસિસ (કરોડરજ્જુના મણકાનું અધ:પતન)

- નસ અને સ્નાયુના રોગો જેમાં, અમાઈલોટ્રોફીક લેટેરલ સ્કલેરોસિસ (આરોગ્યમાં એ ચેતાકોષોનું પટલ થાય છે જે સ્વૈચ્છિક સ્નાયુઓ ને નિયંત્રિત કરે છે), પેરોફેરલ ન્યૂરોપથી (જ્યારે શરીરમાં પથરાયેલ જ્ઞાનતંતુઓ ને ક્ષતિ પહોચે છે અને તેઓ ઠીક થી કામ નથી કરી શકતા), માએસ્થેનિયા ગ્રેવીસ (ન્યુરોપેથિક ડિસઓર્ડર જે તે સ્નાયુઓને નબળા બનાવે છે જેનો ઉપયોગ શરીરની ચળવળ માટે થાય છે), મસ્ક્યુલર ડિસટ્રોફી( રોગોનો સમૂહ જે સ્નાયુઓને નબળા બનાવે છે અને તેમને નુકશાન પહોચાડે છે અને સમય જતાં આ રોગોની અસર વધે છે), માયોપથિસ (સ્નાયુબદ્ધ રોગ જેમાં સ્નાયુબદ્ધ તંતુઓ યોગ્ય રીતે કામ નથી કરતા)
- ઊંઘને લગતા રોગો
- માનસિક / વર્તણૂક સ્વાસ્થ્ય સંબંધિત રોગો

**અદ્યતન ન્યૂરોસાયન્સ ટીમ**

(ન્યૂરોલોજીસ્ટ, ન્યૂરો સર્જન, ન્યૂરોઈન્ટરવેન્શનલ સ્પેશ્યિાલિસ્ટ, રેડિયેશન ઓન્કોલોજીસ્ટ, ન્યૂરોરેડિયોલોજીસ્ટ અને અન્ય સહાયક ટીમ સભ્યો)

- સમર્પિત સ્ટ્રોક યુનિટ અને ન્યૂરો આઈસીયુ
- એપીલેપ્સી ક્લિનિક
- બ્રેઈન અને સ્પાઈન સર્જરી
- બ્રેઈન અને સ્પાઈન ટ્યુમર (ન્યૂરો ઓન્કોલોજી)
- બ્રેઈન અને સ્પાઈન સર્જરી (ન્યૂરોટ્રોમા)
- પીડિયાટ્રીક ન્યૂરોલોજી
- ઈન્ટરવેન્શનલ ન્યૂરોરેડિયોલોજી
- ન્યૂરોક્રીટીકલ કેર
- ન્યૂરોપેથોલોજી
- ન્યૂરોરિહેબીલિટેશન
- ન્યૂરોએનેસ્થેસિયા

## સગવડતાઓ



૨ અદ્યતન સીટી સ્કેન ( CT SCAN ) મશીન
ગુજરાતની
એક માત્ર પ્રાઈવેટ હોસ્પિટલ



- અદ્યતન ન્યૂરો ઈમેજિંગ સાઈલેટ સ્કેન ની સાથે એમઆરઆઈ સિગ્ના એકસપ્લોરર ( MRI - SIGNA EXPLORER ) (ભારતની આ પ્રકારની સૌપ્રથમ એમઆરઆઈ મશીનમાં ની એક )



## સ્ટ્રોક યુનિટ :

સીમ્સમાં, 24 x 7 સ્ટ્રોક યુનિટ. અમદાવાદના સૌથી અદ્યતન કેન્દ્રોમાંથી એક જે સ્ટ્રોક અને સેરબ્રૉવેસ્ક્યુલર ડિસઓર્ડસનું નિદાન, સંચાલન તેને અટકાવવા અને સંશોધન કરે છ, જેનું કેન્દ્ર ઝડપી નિદાન, ઝડપી સારવાર છે.

આ યુનિટનો મુખ્ય ઉદ્દેશ દર્દીમાં સ્ટ્રોકનું ઝડપી નિદાન, સમયસર સારવાર અને સારવાર માટે અદ્યતન પ્રક્રિયાઓ અને તકનીકોનો ઉપયોગ છે.

દર્દી એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ આવે એટલે તરત જ અમારી ટીમ સારવાર શરૂ કરવા માટે મૂલ્યાંકન પ્રોટોકોલ શરૂ કરે છે, જેથી તેની પ્રારંભિક સારવાર બને એટલી જલ્દી શરૂ કરી શકાય. ટાઈમ ઈઝ બ્રેઈન (TIME IS BRAIN), એટલે કે કોઈ પણ વ્યકિત જેને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હોય તેની માટે સમયસર સ્ટ્રોક નું નિદાન તેમજ સમયસર તેની યોગ્ય સારવાર શરૂ થાય એ અત્યંત જરૂરી છે. અમે, કલોટ ડીઝોલવિંગ ડ્રગ (મગજ ની નસ માં જામી ગયેલ લોહીની ગાંઠને ઓગળે તેવી દવાઓ) સિવાય, અદ્યતન મિકેનિકલ થ્રોમબેકટોમિ અને અન્ય એંડોવાસ્ક્યુલર પદ્ધતિનો વિકલ્પ દર્દીઓ ને આપીએ છીએ - આ સારવારમાં મગજ ની નસ માં જામી ગયેલ લોહીની ગાંઠ, જે તે નસ ને બ્લોક કરે છે, તેને ઓપરેશન વડે કાઢવામાં આવે છે.

### સ્ટ્રોકના લક્ષણો જાણો અને સમજો






## ન્યૂરોલોજીસ્ટ્સ

ડૉ. મંચક પટેલ

ડૉ. પરિન્દ્ર દેસાઈ

ડૉ. શાલીન શાહ

ડૉ. પ્રણવ જોષી

ડૉ. સાગર બેટાઈ

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049

**સીમ્સ હૉસ્પિટલ**

રજી. ઓફિસ : પ્લોટ નં. 67/1, પંચામૃત બંગલોની સામે,
શુકન મોલની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-75 ફેક્સ : +91-79-2771 2770

**એપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-2772 1008**
**મોબાઈલ : +91-98250 66661 ઈમેલ :** opd.rec@cimshospital.org

**24 X 7 મેડીકલ હેલ્પલાઈન +91-70 69 00 00 00**

**સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન ઉપલબ્ધ છે**

CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવાઓ : +91-98244 50000, 97234 50000**